# રશિયન સૈન્યમાંથી ફરજ-મુક્ત થવા માંગતા ભારતીય નાગરિકો અંગેના મીડિયા અહેવાલો

ફેબ્રુઆરી 26, 2024

અમે મીડિયામાં રશિયન સેનામાં ફરજ બજાવતા ભારતીયોને લઈને કેટલાક અચોક્કસ અહેવાલો જોયા છે જેઓ ત્યાંથી ફરજ-મુક્તિ મેળવવા માટે મદદ માગી રહ્યા છે.

મોસ્કોમાં ભારતીય દૂતાવાસના ધ્યાન પર લાવવામાં આવેલા આવા દરેક કેસને રશિયન સત્તાવાળાઓ સાથે મજબૂત રીતે હાથ પર લેવામાં આવ્યા છે અને મંત્રાલયના ધ્યાન પર લાવવામાં આવેલા દરેક કેસને નવી દિલ્હીમાં રશિયન દૂતાવાસ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. પરિણામે ઘણા ભારતીયોને પહેલાથી જ મુક્તિ આપવામાં આવી છે.

અમે રશિયન સૈન્યમાંથી વહેલી તકે મુક્ત થવા માગતા ભારતીય નાગરિકોના તમામ કેસો બાબતે રશિયન સત્તાવાળાઓ સાથે સક્રિયપણે સંપર્કમાં રહીને કાર્યવાહી કરવાને ટોચની અગ્રિમતા આપીએ છીએ.

**નવી દિલ્હી**
**26 ફેબ્રુઆરી, 2024**